**અમદાવાદ(રુરલ)ના મહે. ચોથા એડી.સિનિયર સીવીલ જજ અને એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.મીરઝાપુર, અમદાવાદ.**

ક્રીમીનલ કેસ નં. ૭૧૭૫/૨૦૨૧

આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિ.

આરોપી : લાલાજી સ/ઓ બલાજી મંગાજી ઠાકોર

**<u>ગુનો:-પ્રોહી.એકટની કલમ-૬૬ (બી), ૬૫(એ)(એ) મુજબ.</u>**

**<u>ચૂ કા દો</u>**

૧. સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી તા.૦૩/૧૧/૨૦૨૦ ના કલાક ૧૯.૧૫ વાગે પોતાના મકાન આગળ જાહેરમાં વગર પાસ પરમીટે પોતાના કબજામાં દેશી દારૂ લીટર ૦૮, કિં.રૂ.૧૬૦/- નો રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ઉપરોકત મુજબનો ગુનો કરેલ છે.

૨. જે અંગેની ફરીયાદ સરખેજ પો.સ્ટે. ને નોંધાવી જરુરી તપાસ કરી આરોપીને અટક કરેલા અને આરોપી સામે ગુનો બન્યાનું જણાતા આ અદાલત સમક્ષ ઈન્સાફી કાયવાહી સારું ચાર્જશીટ રજૂ કરેલ છે.

૩. આરોપી આજ રોજ મારી સમક્ષ હાજર થતા પ્રથમ તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામૂલ્યે આપવામાં આવ્યા બાદ કેસના કાગળો વંચાણે લઈ ગુના સંબંધી આરોપીનું નીવેદન લેતાં આરોપીએ ગુનાનો ઈકરાર કરેલો છે. આમ આરોપીએ પોતાની રાજીખુશી અને સ્વૈચ્છિકપણે પોતાનો ગુનો કબુલ મંજૂર કરતા હોઈ હું આરોપીની ગુના કબુલાત સ્વીકારું છું અને આરોપીને ગુનેગાર ઠરાવું છું.

૪. વળી આરોપીએ ગુના કબુલાતની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને આરોપી પોતે મધ્યમ વર્ગના માણસ છે અને કાયદાની જોગવાઈઓને ધ્યાને રાખી આરોપી ઉપર રહેમ નજર રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે.

૫. આમ આરોપી સામેનો ગુનો લક્ષમાં લેતાં તથા આરોપીએ રજૂ કરેલી દયાની અરજને લક્ષ માં લેતાં આરોપીનો આ પ્રથમ ગુનો છે અને તેઓએ બીજા કોઈ ગુના કરેલ નથી તેવા સંજોગોમાં તેમણે દયાની અરજ ગુજારેલ છે. તેથી આરોપીને સજા નહીં કરતા દંડ કરવાનું યોગ્ય માનું છું તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**<u>-: હુ ક મ :-</u>**

સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ ૨૫૨ મુજબ તેમની સામેના પ્રોહી એકટ કલમ-૬૬(બી), ૬૫(એ)(એ) મુજબના ગુના માટે ગુનેગાર ઠરાવી રુપિયા ૨૦૦/- નો દંડ, અને દંડ ન ભરે તો વધુ દિન-૨ ની સાદી કેદનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ દેશી દારૂનો નિયમાનુસાર નાશ કરવો.

હુકમ, આજરોજ તા.૧૨-૧૧-૨૦૨૨ ના રોજની લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.અમદાવાદ

તા.૧૨-૧૧-૨૦૨૨

(મિતેશચંદ્ર વિનોદકુમાર પટેલ )

**UIC No. GJ 01047**

ચોથા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ

અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.